ગાંધીનગર સમાચાર

પાંચ વર્ષમાં ગાંધીનગરમાંથી દારૂની ૧.૮૯ લાખ બોટલ પકડાઈ

# શહેરમાં ઉભરાયા હોળીના રંગ

ગાંધીનગર, તા.૧૬

ભારતીય સંસ્કૃતિમાં તહેવારોનું વિશેષ મહત્વ હોય છે. જેમ તહેવારોનું મહત્વ છે તેમ આ તહેવારોમાં વિશેષ વસ્તુઓનું પણ મહત્વ છે. જુદા જુદા તહેવારોમાં અલગ અલગ વસ્તુથી તહેવારોને મનાવી તેનો આનંદ માણવામાં આવે છે. દિવાળીમાં ફટાકડા, મીઠાઈ અને રંગોલી, નવરાત્રીમાં ડાંડીયા અને વસ્ત્રો જયારે ધુળેટીમાં રંગબેરંગી રંગોનું વિશેષ મહત્વ રહેલું છે.

ફાગણ માસની પૂર્ણિમાના દિવસે ધુળેટીનો પર્વ લોકો એકબીજાને રંગબેરંગી ગુલાલથી રંગી ધામધૂમથી મનાવે છે. ધુળેટીના એક દિવસ પહેલા હોળી પ્રગટાવવામાં આવે છે. જેની પાછળ એક પૌરાણિક કથા રહેલી છે. હોળી એ અસત્ય પર સત્યની જીતનો તહેવાર છે





(તસવીર : કશ્યપ નિમાવત)

જેથી હોળીનો બીજો દિવસ એટલે કે ધુળેટીના દિવસે લોકો આ જીતની ખુશી રંગબેરંગી ગુલાલથી એકબીજાને રંગી પોતાના આનંદની અભિવ્યકિત કરે છે. આ દિવસે લોકો પોતાના જુના તમામ વેર-ઝેર ભુલી જાય છે અને નાના ભૂલકાઓથી લઈ નવ યુવાનો તેમજ વડીલો આ પર્વને વિવિધ પ્રકારના રંગો અને પિચકારીઓ દ્વારા ઉત્સાહપૂર્વક ઉજવે છે.

આ વર્ષે બજારમાં ઓર્ગેનીક રંગોમાં પણ જુદા જુદા રંગો તેમજ પિચકારીઓ જોવા મળી રહી છે. આ વર્ષે ધુળેટી સ્પેશિયલ પિચકારીઓમાં છોટા ભીમ, બાર્બી ડોલ, એંગ્રી બર્ડ, એરગન, વોટર ટેન્ક સહિતની વિવિધ વેરાઈટી નજરે પડી રહી છે. જેની કિંમત રૂ. ૩૦થી લઈને રૂ. ૧૦૦૦ સુધીની છે. જયારે કેમીકલયુકત રંગો ૫૦ રૂ. કિલો અને ઓર્ગેનિક રંગો ૧૦૦ રૂ. કિલોએ વેચાઈ રહ્યા છે. વળી પિચકારીઓમાં પણ વોટર ટેન્ક પિચકારીમાં ૨ લીટરથી લઈ ૫ લીટર સુધીની પીચકારીઓ બજારમાં જોવા મળી રહી છે.

ધુળેટી પર્વની સમી સાંજે લોકો પોતાના શરીર પરના રંગને દૂર કરવા પરિવાર સાથે નદી પર નહાવા જતા હોય છે. આમ સાંજે પીકનીકના આનંદ સાથે પરિવારજનો સાથે સમુહભોજન કરી આખો દિવસ હળીમળીને મોજ મસ્તીમાં વિતાવે છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર જિલ્લા નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા બપોરે ૨.૦૦ કલાકે ૩૦૪, સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, સેકટર-૨૨ ખાતે મંડળની કારોબારી સભા યોજાશે.

● શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા ગુરુવારના રોજ બપોરે ૪.૦૦ કલાકે સેકટર-૧ ગાયત્રી મંદિર પાસે શિવાલય પરિસર ખાતે બેઠક યોજાશે.

● 'સુરમધુર' ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ગુરુવારના રોજ સાંજે ૭.૦૦ થી રાત્રિના ૧૦.૦૦ કલાક દરમિયાન ઓપન એર થિયેટર, ઘ-૫, સે-૧૬ ખાતે 'શૂરગાથા ગુજરાતની' કાર્યક્રમ યોજાશે.

● સે-૨૯ સ્થિત સેન્ટ્રલ યુનિવર્સિટી ખાતે સોશિયલ સ્ટડીઝ આધારિત આંતરરાષ્ટ્રીય સેમિનારમાં ભારતીય મહિલા સંદર્ભે ડૉ. બાબા સાહેબ આંબેડકરના વિચારો આધારિત સવારે ૧૦.૦૦ કલાકે વકતવ્ય યોજાશે.

## વાતવાતમાં

● પેટ્રોલ અને ડીઝલના ભાવવધારાના સમાચાર નગરમાં વાયુવેગે ફરી વળ્યા હતા. આ ભાવ વધારો મધરાતથી અમલમાં આવનાર હોઈ વાહનચાલકોએ એ પહેલા 'ટાંકી ફુલ' કરાવી લેવા પેટ્રોલ પંપો ભણી દોટ મુકી હતી.

● સેકટર-૧૩માં બે દિવસ પહેલા અકસ્માતે પાલતુ કૂતરાને ઈજા થવાથી થયેલી બબાલમાં મહિલાએ પોલીસ પર આરોપીનો નામ કાપી નાંખવાનો આક્ષેપ કર્યો છે. ફરિયાદી મહિલાના જણાવ્યા મુજબ તેણે ફરિયાદમાં ૧૦ આરોપીઓના નામ આપ્યા હોવા છતાં પોલીસે માત્ર ૩ જ નામ લખ્યા છે.

● સે-૧૧માં મુખ્ય પોસ્ટ ઓફિસ ખાતેથી પાર્ક કરાયેલ એક બાઈક ચોરાયું હતું. બાઈક ચોરીના વધતા દૂષણને કારણે હવે બાઈક ચાલકોમાં વાહન કયાં પાર્ક કરવું તેની મુંઝવણ વધતી જાય છે.

● ચિલોડા પોલીસ સ્ટેશનની સામે એક દારૂડિયાએ ધમાલ કરતા તેને પકડીને પોલીસ સ્ટેશનમાં લવાયો હતો. આમ છતાં પોલીસ સ્ટેશનમાં પીએસઓ સાથે પણ દારૂડિયાએ વધુ ધમાલ કરતા છેવટે તેને સેન્ટ્રલ જેલ ભેગો કરવામાં આવ્યો હતો.

● શહેરના પ્રવેશદ્વારે એક અશોક લેલેન્ડ ટ્રકને ટ્રાફિક પોલીસે ઉભી રાખતા તેનો કલીનર રોષે ભરાયો હતો. કલીનરે ટ્રાફિક પોલીસ સાથે મગજમારી કરતા છેવટે તેની વિરૂધ્ધ પોલીસની કાર્યવાહીમાં દખલ પહોંચાડવાનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

# પોલીસ જોઈને ખેપીયો બોટલો મુકીને ભાગ્યો ને ભરાયો ધોબી...!

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ ખાતે સોમવારે દારૂની એક બોટલ લઈને ખેપીયો નીકળ્યો હતો. પરંતુ પોલીસને જોઈ જતા તે બોટલો ધોબીને ત્યાં મુકી પલાયન થઈ ગયો હતો. પોલીસે બોટલો ધોબી પાસેથી પકડી અને કેસ તો કરવો જ પડશે કહેતા તે ગભરાઈ ગયો..! આખરે ધોબી પાસેથી રૂ. ૧૦ હજારનો વ્યવહાર કર્યા બાદ પોલીસે કેસ કરવાનું ટાળ્યું હતું અને બોટલો પણ સગેવગે કરી દીધી હોવાની ચર્ચા સે-૨૮ આસપાસથી લોકમુખે ચર્ચાઈ રહી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સેકટર-૨૮ ખાતે બે દિવસથી એક વાત જ ખુબ ચર્ચામાં છે. સોમવારે સાંજે આ ઘટના બની હતી. જેમાં દારૂની આઠેક બોટલો લઈને ખેપીયો ડીલીવરી આપવા જઈ રહ્યો હતો અને સામેથી પોલીસને જોઈ જતા તેણે બોટલો એક ધોબીને ત્યાં મુકી દીધી અને ત્યાંથી ઉભી પુંછડીએ ભાગી ગયો હતો. પોલીસે પકડયો ધોબીને, જે બિચારો કાંઈ જાણતો જ ન હતો. તેની દુકાનેથી બોટલો મળતા તે પણ ચોંકી ગયો. તેણે કહ્યું કે મને ખબર નથી કે આ દારૂ કયાંથી આવ્યો પરંતુ પોલીસે કેસ કરવો જ પડશે તેવો તેવર બતાવતા આખરે ગભરાઈ ગયો અને કેસ ના કરવા માટે રૂ. ૧૦ હજાર આપ્યા હતા. રૂ. ૧૦ હજાર આપ્યા ત્યારે પોલીસને ખ્યાલ આવ્યો કે દારૂ ધોબી નો ન હતો અને આ તોડ કરીને દારૂની બોટલો પણ સગેવગે કરી નાંખી અને કોઈ કેસ પણ કર્યો ન હોવાની ચર્ચાએ જોર પકડયું છે.




(તસવીર : કશ્યપ નિમાવત)

નહેરુ યુવા કેન્દ્ર અને ગ્રામ ટેકનોલોજી સંસ્થા ગાંધીનગરના સંયુકત ઉપક્રમે સેકટર-૭ ખાતે નાળીયેરીના રેસાની વિવિધ બનાવટો તૈયાર કરવાની તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ શિબિરમાં ૩૧ બહેનો જોડાઈ હતી. આજે સમાપન પ્રસંગે તમામ તાલીમાર્થી બહેનોને રૂ.૧૫૦૦ સ્ટાઈપેન્ડની રકમના ચેક તથા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, નહેરુ યુવા કેન્દ્રના કો-ઓર્ડીનેટર રજનીકાંત સુથાર, ગ્રામ ટેકનોલોજી સંસ્થાના મેનેજર અતુલભાઈ ઉપાધ્યાય, વાલજીભાઈ, કશ્યપભાઈ નિમાવત સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## પલીયડ આયુર્વેદ નિદાન કેમ્પમાં ૨૨૮ દર્દીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા.૧૬

જિલ્લા પંચાયત આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા જિલ્લાના કલોલ તાલુકાના પલીયડ ગામ ખાતે આયુર્વેદ મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આયુર્વેદના વિશિષ્ટ કર્મો જેવા કે અગ્નિ કર્મ, જાલંધર બંધ, વા તથા આધુનિક યુગમાં વધુ પ્રમાણમાં જોવા મળતા ડાયાબિટીસ રોગ સામે રક્ષણ માટેની સારવાર નિઃશુલ્ક પણે આપવામાં આવી હતી. આ કેમ્પનો કુલ ૨૨૮ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારી કૌશિક ભિમજીયાણી, જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ભાવના પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ પટેલ, જિલ્લા પંચાયતના સદસ્ય કિર્તિબેન પટેલ, સોમાભાઈ પટેલ તેમજ સાર્વજનિક હોસ્પિટલના ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતાં.

## ઈન્ડિયન લાયબ્રેરી એસોસિએશનના આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં અંજના બારોટનો શોધ નિબંધ

ગાંધીનગર, તા.૧૬

તાજેતરમાં ઈન્ડિયન લાયબ્રેરી એસોસિએશન દ્વારા રાજકોટ ખાતે ૬૧મા આંતરરાષ્ટ્રીય અધિવેશનનું આયોજન કરાયું હતું. આ અધિવેશનમાં ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના આસીસ્ટન્ટ લાયબ્રેરિયન અંજના બારોટ દ્વારા શોધ નિબંધ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.



ઈન્ડિયન લાયબ્રેરી એસોસિએશન દ્વારા રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સહયોગથી આ અધિવેશનનું આયોજન કરાયું હતું. અધિવેશનનો વિષય 'સસ્ટેઈનીંગ ધ એકસલેન્સ : ટ્રાન્સફોર્મીંગ લાયબ્રેરીઝ થ્રુ ટેકનોલોજી, ઈનોવેશન એન્ડ વેલ્યુ એડેડ સર્વિસીઝ ઈન ગુગલ ઈરા' રાખવામાં આવ્યો હતો. આ વિષયે ગાંધીનગરની નર્સિંગ કોલેજના આસીસ્ટન્ટ લાયબ્રેરિયન અંજના બારોટ દ્વારા પ્રસ્તુત કરાયેલ શોધ નિબંધને સારો આવકાર પ્રાપ્ત થયો હતો. આ શોધ નિબંધ તૈયાર કરવામાં તેમના માર્ગદર્શક ડૉ. કિરીટ શુકલનો મહામૂલો ફાળો રહ્યો હતો. તેમની આ સિધ્ધિ બદલ નર્સિંગ કોલેજના આચાર્યા ડૉ. રવિનાબેન ક્રિશ્ચિયન તથા કેમ્પસ ડાયરેકટર ડૉ. આર.જે. વ્યાસે અભિનંદન પાઠવ્યા હતા.

# પાંચ વર્ષમાં ગાંધીનગરમાંથી દારૂની ૧.૮૯ લાખ બોટલ પકડાઈ

ગાંધીનગર, તા.૧૬

દારૂ બંધીની અમલવારી ગુજરાત રાજયમાં એ હદે કડક થઈ રહી છે કે તમે રાજયના નકશામાં જે જિલ્લામાં આંગળી મુકો ત્યાંથી ઓછામાં ઓછો એક ટ્રક ભરીને દારૂ મળે...! જો કે આટલી કડક અમલવારી વચ્ચે પણ કયાંક કયાંક દારૂ ભરેલી ગાડીઓ-ટ્રકો પોલીસ પકડી પાડે છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાંથી છેલ્લા પાંચ વર્ષમાં વિદેશી દારૂની ૧,૮૯,૩૯૮ બોટલો પોલીસે પકડી હોવાનું ઓનરેકર્ડ છે...! તે ઉપરાંત પાંચ વર્ષમાં ૯૭૮૭૩ નંગ બિયરના ટીન અને ૬૪૯૨૧ લીટર દેશી દારૂ ગાંધીનગર પોલીસે પકડી પાડયો છે.

વિધાનસભામાં દાણી લીમડા

**વિદેશી દારૂ ઉપરાંત પાંચ વર્ષમાં ૯૮ હજાર બિયરના ટીન તથા ૬૫ હજાર લીટર દેશી દારૂ પોલીસે પકડયો**

ધારાસભ્ય શૈલેષ પરમારે પ્રશ્ન કર્યો હતો કે ૩૦ જુન ૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કયાં કેટલો દારૂ પકડાયો અને કેટલાનો નાશ કર્યો? તેની જિલ્લાવાર માહિતી માંગી હતી. જેના ઉત્તરમાં જાણવા મળ્યું છે કે ગાંધીનગર જિલ્લા પોલીસે છેલ્લા પાંચ વર્ષમાં ૬૪૯૨૧ લીટર દેશી દારૂ પકડયો છે અને તે દારૂના જથ્થાનો નાશ કર્યો છે તે ઉપરાંત ૧,૮૯,૩૯૮ બોટલ વિદેશી દારૂ પકડયો છે જે પૈકી ૧,૮૨,૪૮૯ બોટલનો નાશ કર્યો છે અને ૯૭,૮૭૩ નંગ બિયરના ટીન પકડયા છે જમાંથી ૯૪,૭૩૯ નંગ બિયરનો નાશ ગાંધીનગર પોલીસ દ્વારા કરવામાં આવ્યો છે.

## શ્રી પાલજ મહાકાળી માતા ટ્રસ્ટ દ્વારા હોળી પ્રગટાવવાનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

પાલજ ગામમાં ઘણા જ વર્ષોથી હોળીનો મહિમા પરંપરાગત રીતે ચાલતો આવ્યો છે. ત્યાં હોળીનો મોટો મેળો ભરાય છે. શ્રી પાલજ મહાકાળી માતાજીના મંદિરે લોકો હોળીના અંગારા ઉપર ખુલ્લા પગે ચાલે છે અને પોતાની મનોકામના પૂર્ણ કરે છે. આગામી તા. ૨૩મી માર્ચને બુધવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે હોળી પ્રગટાવવામાં આવશે. આ ધાર્મિક કાર્યમાં સર્વે ભાવિક ભકતોને લાભ લેવા શ્રી પાલજ મહાકાળી માતા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી નિરંજનભાઈએ જણાવ્યું છે.

# એચ.આર. કોન્ફરન્સમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ૪૫ વિદ્યાર્થીઓ જોડાયા

ગાંધીનગર, તા.૧૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીપી. કોલેજ ઓફ બીઝનેસ એડમિનીસ્ટ્રેશન (ગાંધીનગર), એસ.કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કંપ્યૂટર સ્ટડીસ (ગાંધીનગર), એસ.વી. ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કંપ્યૂટર સ્ટડીસ(કડી), એન.પી. કોલેજ ઓફ કંપ્યૂટર સ્ટડીસ એન્ડ મેનેજમેન્ટ(કડી)નાં વિદ્યાર્થીઓની આવી પ્રતિષ્ઠિત કોન્ફરન્સ માં ભાગ લેવા માટે પસંદગી થતા મેનેજમેન્ટ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી ઘડવા માગતા વિદ્યાર્થીઓને ખૂબ સારી તક સાંપડી હતી. યુનિવર્સિટીનાં પ્રેસીડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલ સાહેબે વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે તેમને હંમેશા આવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં નિષ્ણાંત વ્યાખ્યાન માટે વિદ્યાર્થીઓ પ્રેરિત થાય તેના પ્રોત્સાહનના ભાગ રૂપે પ્રવેશ ફી યુનિવર્સિટી દ્વારા ચૂકવવાની વ્યવસ્થા કરી હતી. જે બાબતે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આ એક દિવસીય કોન્ફરન્સ માં વિદ્યાર્થીઓને હ્યૂમન રિસોર્સનાં અનેક પાસાઓ જે તેઓ બીબીએ નાં અભ્યાસક્રમ માં ભણી રહ્યા છે. તેને ઉંડાણ પૂર્વક સમજવાનો મોકો મળ્યો તેમજ સમગ્ર દિવસ દરમ્યાન ભારતનાં ખ્યાતનામ વક્તાઓએ વિદ્યાર્થીઓને સાંપ્રત



સમય માં એચ.આર ની ભૂમિકા તેમજ તેનો સદુપયોગ કરવા માટે નાં સૂચનો ઉદાહરણ સાથે સમજાવ્યા. કાર્યક્રમમાં આઈઆઈએમ અમદાવાદનાં ભૂતપુર્વ અધ્યાપક ડૉ. ટી.વી. રાવ(ચેરમેન TVRLS Ltd) જેઓ કાર્યક્રમ નાં સંયોજક હતા તેમણે વિદ્યાર્થીઓને સમગ્ર કાર્યક્રમની રૂપરેખા તેની ભવિષ્યમાં શુ ભૂમિકા રહેશે તેમજ મેનેજમેન્ટ ક્ષેત્રે તેની ઉપયોગિતા બાબતે વિદ્યાર્થીઓને વિસ્તૃત ખ્યાલ આપ્યો હતો. કૉર્પોરેટ ક્ષેત્રે એચ.આર. વિષય નું ૩૬૦ ડિગ્રી નાં અંશે મુલ્યાંકન કર્યુ હતુ. તેમજ નેતૃત્વ, વિકાસ તેમજ પુરવઠાનાં વિતરણ બાબતે ચાલતા ચક્ર તેમજ કોર્પોરેટ ક્ષેત્રની સામાજીક જવાબદારીઓ જેવી બાબતો પર વિદ્યાર્થીઓ સાથે ચર્ચા- વિચારણા કરવામાં આવી હતી. વ્યક્તિ કે કોઈ પણ એકમની કામગીરીનું મુલ્યાંકન અને તેના માપદંડો બાબતે વિસ્તૃત છણાવટ કરી હતી. વ્યકિતની યોગ્યતા તેને મળવુ જોઈતુ પ્રોત્સાહન, સમાજ ઉપયોગી થવાની પ્રેરણા તેમજ સમગ્ર પરિસ્થિતિને હકારાત્મક બનાવવાની આવડત જેવી બાબતો પર વક્તાઓએ ભાર મૂક્યો હતો. તેમજ ફક્ત સફળ કાર્યદક્ષતા જ નહી પરંતુ એક સ્વપ્ર દ્રષ્ટા બનવાની શિખ વિદ્યાર્થીઓને આપી હતી. તેમજ કાર્યદક્ષતાનું નિર્ધારણ ને સફળતા માટેની પહેલી શરત ગણાવી હતી. કાર્યક્રમમાં શ્રી રામકુમાર ભૂતપુર્વ ડિરેક્ટર આઈસીઆઈસીઆઈ, ડૉ.શ્રીપદા ચંદ્રશેખર અધ્યક્ષ તેમજ વૈશ્વિક વડા(એચ.આર) Dr. Reddy's Laboratories Ltd. તેમજ અન્ય ગણનામ વક્તાઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

## ભારતીય વિકાસ પરિષદ દ્વારા પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

ભારત વિકાસ પરિષદ ગાંધીનગર શાખાના પરિવાજનો માટે સરદાર સરોવર ડેમ ખાતે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ દરમિયાન પરિવારજનોએ ડેમના સ્થળે ચાલતા વિવિધ ટેકનીકલ કામોની ઝીણવટપૂર્વક માહિતી મેળવી હતી. ત્યારબાદ શૂરપાણેશ્વર, ગરૂડેશ્વર સહિતના ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત પરિષદના પરિવારજનો દ્વારા જુના કપડા, સ્ટીલના વાસણો, ઓઢવાના ધાબળા, બુટ ચપ્પલ સહિતની વસ્તુઓનું વિતરણ વનવાસીબંધુને કરાયું હતું.

# ગુજરાતમાં ગુડફ્રાઈડે એ બેંકો ચાલુ રહેવાની છે

**૨૩ અને ૨૫ માર્ચે બેંકો કાર્યરત, સળંગ રજાઓ નથી, બેંક એસોસીએશનના મહામંત્રીની જાહેર સ્પષ્ટતા**

ગાંધીનગર, તા.૧૬

તહેવારો અને ચોથા શનિવાર સહિત સળંગ બેંકોમાં રજા હોવાના સમાચાર સંદર્ભે મહાગુજરાત બેંક એસોસીએશનના મહામંત્રીએ સ્પષ્ટતા કરી છે કે ગુજરાતમાં બેંકો સળંગ બંધ નથી. તેમજ ૨૫મી માર્ચ ગુડફ્રાઈડેની પણ બેંકોમાં રજા નથી. જેથી બેંકો ફકત ધુળેટી અને ચોથા શનિવારની રજા પાળશે તેવું ગ્રાહકો જોગ અખબારી નિવેદન આપી ગેરમાર્ગે ન દોરાવા વિનંતી કરી છે. વધુમાં હોળીની રજા પણ ગુજરાતમાં કાર્યરત બેંકોમાં નથી તેથી ગ્રાહકો તેમના વ્યવહારો રજા વગરના દિવસોએ કરી શકશે અને રજાઓ અંગે ગેરસમજથી દુર રહેવા પણ જણાવાયું છે.

માર્ચ મહિનો એટલે કે વાર્ષિક હિસાબો પૂર્ણ કરવાનો અંતિમ મહિનો. આ મહિના દરમિયાન વેપારીઓ અને ઉદ્યોગકારો સહિત અનેક વ્યવસાયીઓ પોતાના નાણાંકીય હિસાબોને સરખા કરવા પ્રયત્નશીલ બન્યા છે. તો બીજી તરફ




બેંકોમાં રજાઓ હોવાના સમાચાર પ્રસરી જતાં ગ્રાહકોમાં નાણાંકીય ખેંચની દહેશત વ્યકત થઈ રહી છે. પરંતુ બેંકોમાં રજા અંગેના સમાચારની મહાગુજરાત બેંક એસોસીએશનના મહામંત્રી કે.વી. બારોટે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે ગુજરાતમાં ૨૩ થી ૨૭ સળંગ રજા નથી. હોળી તેમજ ગુડફ્રાઈડે એ બેંકોનું પોતાનું રાબેતા મુજબનું કામકાજ ચાલુ જ છે.

ગુજરાત સિવાય અન્ય રાજયમાં કદાચ હોળી તેમજ ગુડફ્રાઈડેની રજા હોઈ શકે છે. પરંતુ ગુજરાતમાં કાર્યરત બેંકોમાં આ દિવસોએ રજા ન હોવાનું ગ્રાહકોને અખબારી નિવેદન આપી મહામંત્રીએ સ્પષ્ટતા કરી છે. બેંકોમાં ધુળેટી, ચોથો શનિવાર અને રવિવાર એમ ફકત ત્રણ દિવસ અલગ અલગ તારીખે રજાઓ નિર્ધારિત છે.

રાજય સરકાર દ્વારા બેંકોને અપાતી રજાઓની યાદીમાં પ્રથમથી જ સ્પષ્ટપણે ગુડફ્રાઈડેની રજા જાહેર કરેલ નથી માટે તમામ ગ્રાહકો રજા અંગેની ગેરસમજોથી દુર રહી પોતાના નાણાંકીય વ્યવહારો આસાનીથી કરી શકે છે. જો કે સરકારી કચેરીઓમાં ગુડફ્રાઈડેની રજા હોવાથી ૨૪ થી ૨૭ દરમિયાન સળંગ રજા રહેશે. આમ બેંક અને સરકારી કચેરીઓની રજાઓની યાદીઓ જુદી હોવાથી રજાઓ અંગે જે તે બેંકમાં જ પુછપરછ કરવા મહામંત્રીએ ગ્રાહકોને ભારપૂર્વક જણાવ્યું છે.

## પ્રેરણા વિદ્યાલય ખાતે સંસ્કૃત સંભાષણ શિબિરનું આયોજન

સેકટર-૫ સ્થિત પ્રેરણા વિદ્યાલય ખાતે આગામી તા. ૧૮ થી ૨૬મી માર્ચ સુધી સાંજે ૬.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન સંસ્કૃત સંભાષણ વર્ગનું આયોજન કરવમાં આવ્યું છે. જેમાં ૧૫ વર્ષથી ઉપરની કોઈ પણ વ્યકિતને સંસ્કૃત ભાષા બોલતા શીખવવામાં આવશે. આ શિબિરમાં કોઈ પણ નાત જાત ભેદભાવ વિના શિક્ષિત, અભણ સંસ્કૃત શીખવા માગતા કોઈ પણ વ્યકિત નિઃશુલ્ક પણે ભાગ લઈ શકશે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છુકોએ શિબિર સંયોજક મનીષભાઈ ખત્રી ૯૪૨૬૩૫૯૫૨૨ અને શિબિર સંચાલક રાકેશભાઈ પટેલ ૯૪૦૮૬૪૦૯૩૦નો સંપર્ક સાધવાનો રહેશે.

## ચિરવિદાય

- સ્વ. નવીનચંદ્ર મણીલાલ બારોટ, ઉ.વ.૬૬
- સ્વ. મંગુબેન કચરાલાલ વ્યાસ, ઉ.વ.૮૬
- સ્વ. મણીબેન અંબાલાલ ઠાકોર, ઉ.વ.૮૦